## તા.૨૧/૧૦/૨૦૨૨

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૨૧/૧૦/૨૦૨૨ ને શુક્રવારનાં રોજ સાંજનાં ૦૫=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં નક્કી કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રી નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૪) | શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક | ” |
| (૫) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૬) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડ | ” |
| (૭) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૮) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૯) | શ્રી ભાવિન એમ. પટેલ | ” |
| (૧૦) | શ્રી જય બી. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૨) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૩) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૪) | શ્રીમતિ કાજલ કે. પટેલ | ” |
| (૧૫) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૬) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૭) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૮) | શ્રીમતિ ભૌમીબેન પી. કાછીઆ | ” |
| (૧૯) | શ્રીમતિ વિશાલબેન એસ. સોની | ” |
| (૨૦) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૨૧) | શ્રીમતિ બિસ્મીલ્લાબાનુ એમ.કાજી | ” |
| (૨૨) | શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા | ” |
| (૨૩) | શ્રી ભાવેશભાઇ કે. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માન.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ આજની બેઠકની કાર્યસૂચિનાં કામ નં.૮ માં શરતચૂકથી યુ.ડી.પી.-૮૮ ની ટી.એ.એસ.પી. અને ટી.એ.એસ.સી. લખાયેલ છે જે હકીકતમાં યુ.ડી.પી.-૮૮ ની એસ.સી.એસ.પી. અને ટી.એ.એસ.પી. સદર હેઠળની ગ્રાન્ટ છે જે સુધારો કરવા જાહેરાત કરવામાં આવી. જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.

ત્યારબાદ સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું છે તે કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું. અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્ય શ્રી ગોપાલભાઇ એમ. ગાંધીનાં થયેલ દુઃખદ અવસાન પરત્વે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૫૦ / તા.૨૧/૧૦/૨૨**

### શોક ઠરાવ

આથી આ શોક ઠરાવથી ઠરાવવામાં આવે છે કે,પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્ય શ્રી ગોપાલભાઇ મનુભાઇ ગાંધી તથા કાયમી સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી રાજેશભાઇ કાંતિભાઇ નાં તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનાં આત્માઓને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

શ્રી ગોપાલભાઇ ગાંધીનો સ્વભાવ મિલનસાર અને પ્રેમાળ હોવાથી તેઓએ પોતાનાં કાર્યકાળ દરમ્યાન પ્રજાનાં કાર્યો કરેલ હોવાથી અને તેમનાં સમાજમાં અગ્રણી હોવાથી તેઓ લોકપ્રિય હતાં. તેઓનાં આકસ્મિક

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

રીતે થયેલ દુઃખદ અવસાનથી તેમનાં પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ, આપત્તિ અને આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

શ્રી રાજેશભાઇ તેઓની ફરજ પ્રત્યે નિષ્ઠાવાન હતાં અને પોતાની ફરજ નિયમિત પણે બજાવતાં હતાં અને તેઓની સારી કામગીરી બદલ બિરદાવવામાં પણ આવેલ છે. પરંતુ ઇશ્વર શક્તિ પાસે આપણે સૌ લાચાર છીએ. ઇશ્વરને જે ગમ્યુ તે ખરૂં. તેઓનાં આકસ્મિક રીતે થયેલ દુઃખદ અવસાનથી તેમનાં પરિવારજનો ઉપર આવી પડેલ દુઃખ, આપત્તિ અને આઘાત સહન કરવાની પ્રભુ શક્તિ અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

આમ, દિવંગતોના આત્માઓને ચિર શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સહ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. આજની સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે. અને બેઠકમાં ઉપસ્થિત સર્વે બે મીનીટનું મૌન પાળી, પ્રાર્થના કરી સદ્‌ગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, દિવંગતોનાં આત્માઓને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

ઉપર જણાવ્યા મુજબનું જરૂરી વિષય તરીકેના કામની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યું.

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સભાનાં પ્રોસીડીંગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૧ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશભાઇ એસ. વાલ્મિક, શ્રીમતિ મિનાક્ષીબેન એમ. રાઠોડનાં ટેકાથી સરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૦૬/૦૮/૨૦૨૨ નાં રોજ મળેલ હતી. જે ગત મળેલ સભામાં રજૂ થયેલ કામો પરત્વેનાં ઠરાવ નં.૩૦ થી ૪૯ સુધીનાં ઠરાવો તથા તેનાં પ્રોસીડીંગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩) :** પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૮/૦૮/૨૦૨૨ નાં રોજથી કરેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૨ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***<u>સરકયુલર ઠરાવ તા.૧૮/૦૮/૨૦૨૨</u>***

**ઠરાવનો વિષય:-** ૭૬ મા સ્વાતંત્ર્ય દિવસ ૧૫ મી ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વનાં જિલ્લા કક્ષાનાં ધ્વજ વંદન કાર્યક્રમ પેટલાદ ખાતે માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીજીનાં વરદ્ હસ્તે યોજાયેલ જેમાં પેટલાદ નગરપાલિકાને રૂા.૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવા બદલ આભાર

નોંધ:- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

વ્યકત કરવા બાબત.

**ઠરાવ**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, ૭૬ મા સ્વતંત્રતા દિવસ ૧૫ મી ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વનાં જિલ્લા કક્ષાનાં ધ્વજ વંદન કાર્યક્રમ પેટલાદ ખાતે માનનીય મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદી શ્રી (મહેસૂલ અને કાયદા વિભાગ) નાં વરદ્ હસ્તે યોજાયેલ જેમાં પેટલાદ નગરપાલિકાને નગરપાલિકા હદ વિસ્તારમાં વિવિધ વિકાસનાં કામો કરવા બાબતે રૂા. ૨૫.૦૦ લાખની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જે બદલ પેટલાદ નગરપાલિકા રાજય સરકારશ્રી પ્રત્યે ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે. અને આ આભાર વ્યકત કરતો ઠરાવ રાજય સરકારશ્રીનાં સક્ષમ વિભાગને સાદર કરવાનું આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપરોકત તા.૧૮/૦૮/૨૦૨૨ નાં રોજથી કરેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪) :** પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૨૫/૦૮/૨૦૨૨ નાં રોજથી કરેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૩ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રીમતિ ગીતાબેન જે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***સરકયુલર ઠરાવ તા.૨૫/૦૮/૨૦૨૨***

**ઠરાવનો વિષય:-** અમૃત ૨.૦ સ્વેપ-૧ યોજનાના કામોની નિભાવ તથા મરામત (O & M)કરવા બાબત..

**ઠરાવ**

આથી સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા અમૃત ૨.૦ સ્વેપ-૧ યોજનામાં પેટલાદ નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવેલ છે અને તેમાં પેટલાદ નગરપાલિકાનાં પાણી પૂરવઠામાં ૪.૫૦ કરોડનાં કામોની મંજુર થયેલ છે અને પ્રોજેકટનાં કામો પૂર્ણ થયા બાદ પેટલાદ નગરપાલિકા તેનો હવાલો સંભાળીને ત્યાર બાદ તેને નિભાવ અને મરામત (O & M) પેટલાદ નગરપાલિકા દ્વારા કરવામાં આવશે અને આ અંગે નો ખર્ચ નગરપાલિકાના સ્વભંડોળ માંથી કરવાનું ઠરાવવામાં આવે છે. આ અંગેની કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રી તથા પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપરોકત તા.૨૫/૦૮/૨૦૨૨ નાં રોજથી કરેલ સરકયુલર ઠરાવને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૫૪ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નિલેશકુમાર એસ. વાલ્મિક, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો નીચેની વિગતે તૈયાર થઇ આવેલ જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તા.૦૧/૦૭/૨૦૨૨ નાં રોજની ઉઘડતી સિલક | રૂા. | ૮,૬૩,૯૬,૨૨૧=૭૪ |
| માહે જુલાઇ-૨૨ થી સપ્ટેમ્બર-૨૨ સુધીની આવક | રૂા. | ૫,૦૬,૬૮,૫૦૮=૦૦ |
| કુલ | રૂા. | ૧૩,૭૦,૬૪,૭૨૯=૭૪ |
| માહે જુલાઇ-૨૨ થી સપ્ટેમ્બર-૨૨ સુધીનો ખર્ચ | રૂા. | ૩,૫૯,૧૭,૮૨૪=૦૦ |
| તા.૩૦/૦૯/૨૦૨૨ નાં રોજની બંધ સિલક | રૂા. | ૧૦,૧૧,૪૬,૯૦૫=૭૪ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬) :** શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૫૫ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ, શ્રી પ્રવિણભઇ કે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે.હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૨ થી માહે સપ્ટેમ્બર-૨૨ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭) :** પેટલાદ નગરપાલિકાની ઇપીએફ ઇન્કવાયરી માટે કન્સલ્ટન્ટ રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૫૬ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જય બી. પટેલ, શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની ઇપીએફ ઇન્કવાયરી માટે કન્સલ્ટન્ટ રોકવા અંગે તથા અપીલ દાખલ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની u/s-7-A ઇપીએફ ઇન્કવાયરી તા.૨૯/૦૧/૨૦૧૧ થી તા.૩૦/૦૭/૨૦૧૬ ના સમયગાળા માટે આસિસ્ટન્ટ પ્રોવિડન્ડ ફંડ કમિશ્નર અને ઇન્કવાયરી ઓફિસર, એમ્પ્લોઇ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઇઝેશન, નડિયાદ ખાતે ચાલુ હતી.જે અંગે હુકમ નં.: DO / NADIAD / C-25 / 329 તા.૧૪/૦૯/૨૦૨૨ થી કરેલ હુકમ પેટલાદ નગરપાલિકાને આ.નં. ૧૮૭૧ તા.૧૫/૦૯/૨૦૨૨ નાં રોજ થી મળેલ છે. જેમાં જણાવ્યા આધારે નગરપાલિકાનાં કર્મચારીઓનાં ઇપીએફની રકમ રૂા.૨,૫૮,૦૭૩/- તથા કોન્ટ્રાકટરોનાં ઇપીએફની રકમ રૂા.૭૮,૨૦,૧૫૬/- અને પેનલ્ટી રૂા.૧,૦૦૦/- મળી કુલ રૂા.૮૦,૭૯,૨૨૯/- ભરવા જણાવેલ છે. આ હુકમ સામે અપીલ કરવાની સમયમર્યાદા ૬૦ દિવસની હોય છે. આ હુકમ સામે સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, અમદાવાદ ખાતે કરવાની હોય છે. અને જો આ સમયગાળા દરમ્યાન અપીલ દાખલ કરવામાં ન આવે તો ઇપીએફઓ રીકવરી અંગેની કાર્યવાહી ચાલુ કરે છે. જેમાં નગરપાલિકાનાં બેન્ક એકાઉન્ટો ફ્રીઝ કરે છે અથવા બેન્ક એકાઉન્ટોમાંથી સીધી રકમ ઉપાડી લે છે. ભૂતકાળમાં આમ બનેલ છે. જેથી ભરવાપાત્ર રકમ અને થનાર કાર્યવાહીની ગંભીરતા જોતાં સમયમર્યાદામાં અપીલ દાખલ કરવી ઉચિત અને આવશ્યક જણાય છે. તેથી આ અંગે જરૂરી વકીલ કે કન્સલ્ટન્ટને રોકી સમયમર્યાદામાં સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, અમદાવાદ ખાતે અપીલ દાખલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. તથા સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઇપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮) :** સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૮૮ ની એસ.સી.એસ.પી. અને ટી.એ.એસ.પી. સદરની ફાળવેલ ઉપલધ્ધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબત.

**ઠરાવ નં. ૫૭/ તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી જય બી. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૮૮ ની એસ.સી.એસ.પી. અને ટી.એ.એસ.પી. ની ફાળવેલ ઉપલધ્ધ ગ્રાન્ટની રકમમાંથી વિકાસનાં કામો નક્કી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88)/ ત્રી.ત. / ૨૦૨૧-૨૨ /ન.પા.-આં.મા.વિ. / આ.હ. / ૨૦૨૧ / ૨૦૩૨૦ તા.૨૦/૧૨/૨૦૨૧ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૧-૨૨ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે.આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં રૂા.૧.૪૬ કરોડનાં તથા એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૪૭ કરોડનાં તેમજ ટી.એ.એસ.પી.સદરનાં રૂા.૦.૦૭ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળેલ છે. આ ઉપરાંત સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંકઃ મફબ / SJMMSVY (UDP-88) ત્રી.ત. / ૨૦૨૨-૨૩ /ન.પા.-આં.મા.વિ. / પ્ર.હ. / ૨૦૨૨ / ૭૪૭૪ તા.૨૬/૦૪/૨૦૨૨ થી પેટલાદ નગરપાલિકાને યુડીપી-૮૮ હેઠળની સને ૨૦૨૨-૨૩ ની રૂા.૩.૦૦ કરોડની ગ્રાન્ટની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાં સામાન્ય સદરનાં રૂા.૧.૮૪ કરોડ, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૬૨ કરોડ તથા ટી.એ.એસ.પી. સદરનાં રૂા.૦.૫૪ કરોડ ની ફાળવણી કરેલ છે. આ ગ્રાન્ટની ફાળવેલ રકમમાંથી સામાન્ય સદરનાં કુલ રૂા.૧.૮૪ કરોડનાં, એસ.સી.એસ.પી. સદરનાં રૂા.૦.૦૧ કરોડનાં કામોની વહીવટી મંજુરી મળેલ છે. તેથી સરકારશ્રી દ્વારા યુડીપી-૮૮ ની સને ૨૦૨૧-૨૨ તથા સને ૨૦૨૨-૨૩ ની ફાળવેલ ગ્રાન્ટની રકમો પૈકી બચત અને ઉપલબ્ધ રકમોમાંથી વિકાસનાં કામો હાથ ધરવાનાં થાય છે. સદર કામો નક્કી કરવા પેટલાદ નગરપાલિકાનાં માન.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સીતા તલાવડીમાં સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૮ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી નરેશકુમાર આર. તળપદા, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સીતા તલાવડીમાં સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૬૨/૩ અને સર્વે નં.૩૪૧/૧ માં સીતા તલાવડી આવેલ છે. જેમાં બિનઉપયોગી જંગલી વનસ્પતિ ઉગી નીકળેલ છે. જેનાં કારણે ગંદકી અને મચ્છરોનાં ઉપદ્રવ થવા બાબતે આજુબાજુનાં રહીશો દ્વારા સંકલન સમિતિમાં રજૂઆત કરવામાં આવેલ હતી. તે આધારે તાજેતરમાં મળેલ સંકલન સમિતિની બેઠકમાં રજૂઆત થતાં મે.પ્રાંત અધિકારીશ્રીએ આ સીતા તળાવની સફાઇ કરાવવા અંગે મૌખિક રીતે જણાવેલ છે. સદર બાબતે પ્રજાનાં આરોગ્યને ધ્યાને લેતાં આ સીતા તલાવડીની સફાઇ કરાવવી જરૂરી હોઇ તેની સફાઇ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ અંગે સરકારશ્રીમાં આ કામે ખાસ કિસ્સામાં દરખાસ્ત કર્યેથી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા(વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સરકારશ્રીમાંથી મળનાર ગ્રાન્ટની રકમમાંથી ઘટતી કાર્યવાહી હાથ ધરી ગ્રાન્ટની રકમ ઉપલબ્ધ થયેથી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે આવેલ ઓવર હેડ ટાંકીની પાઇપ લાઇન બદલવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૯/ તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી પ્રવિણભાઇ કે. પરમાર, શ્રી જય બી. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે આવેલ ઓવર હેડ ટાંકીની પાઇપ લાઇન બદલવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાના વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે આવેલ હરિહર સોસાયટી તરફની ઓવરહેડ ટાંકીમાં અન્ડરગ્રાઉન્ડ સમ્પથી પાઇપ લાઇન દ્વારા ઓવરહેડ ટાંકી ભરવામાં આવે છે. અને શહેરમાં પાણી પૂરવઠો પુરો પાડવામાં આવે છે. પરંતુ સદર પાઇપ લાઇન તેનાં બેન્ડથી ઉપર જતી પાઇપ લાઇન વપરાશને કારણે તુટી ગયેલ છે. જેથી શહેરમાં આપવામાં આવતો પાણીનો પૂરવઠો ખોરવાઇ ન જાય તેવા શુભાશયથી તેને બદલાવવી જરૂરી છે. તેથી પેટલાદ નગરપાલિકાના વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે આવેલ હરિહર સોસાયટી તરફની ઓવરહેડ ટાંકીમાં અન્ડરગ્રાઉન્ડ સમ્પથી ઓવરહેડ ટાંકી ભરવાની ડી.આઇ.કે ૨૫૦ મીમી ડાયામીટરની નવિન પાઇપ લાઇન નંખાવવા નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૩,૬૫,૦૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગારની રકમ બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ તથા ૪૦ / તા.૦૬/૦૮/૨૨ માં સુધારા ઠરાવ કરવા બાબત.

**ઠરાવ નં. ૬૦ (અ) / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર કાછીઆ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગારની રકમ બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ તથા ૪૦ / તા.૦૬/૦૮/૨૨ માં સુધારા ઠરાવ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારની ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગાર વધારા બાબતે અને સમાન કામનાં સમાન વેતન મુજબ માંગણી કરતી અરજીઓ આવેલ હતી. તે આધારે પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ /તા.૦૬/૦૮/૨૦૨૨ થી વિવિધ કર્મચારીઓ તથા સફાઇ કામદારોનાં પગારની રકમોમાં વધારો કરતો ઠરાવ કરવામાં આવેલ હતો. પરંતુ સદર ઠરાવમાં ઠરાવેલ હોદ્દા અને તેનાં પગારની રકમમાં ઘણી મોટી રકમનો ઘટાડો થવા પામેલ હતો. તેથી તેવા કર્મચારીઓએ તેઓનાં પગારની રકમ યથાવત રાખવા અરજી કરેલ છે. તેથી તેઓની અરજી ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ / તા.૦૬/૦૮/૨૦૨૨ થી કરેલ ઠરાવમાં (૧) શ્રી રબારી મધુભાઇ રણછોડભાઇ (૨) શ્રી વિનોદભાઇ શામળદાસ પટેલ (૩) શ્રી ઉમેશભાઇ નાગરભાઇ પટેલ તથા (૪) શ્રી મિલનકુમાર અશોકભાઇ પટેલ ના મૂળ પગારની રકમ રૂા.૧૯,૯૫૦/- માં ઠરાવ નં.૩૯ થી ઘટાડો કરી રૂા.૧૩,૫૦૦/-

કરવામાં આવેલ જે આ સુધારા ઠરાવ કરી ઉકત કર્મચારીઓની અરજીમાં પ્રમુખશ્રીએ કરેલ હુકમ આધારે તેઓના અગાઉની પગારની રકમ રૂા.૧૯,૯૫૦/- લેખે પ્રતિમાસ ફીકસ પગાર ચૂકવવા આ સુધારા ઠરાવ કરવા ઠરાવવામાં આવે છે. તથા શ્રી હિતેશકુમાર નંદુભાઇ પટેલને મૂળ પગારની રકમ રૂા.૧૫,૦૦૦/- માં ઠરાવ નં.૩૯/ તા.૦૬/૦૮/૨૦૨૨ થી ઠરાવ આધારે ઘટાડો કરી રૂા.૧૩,૫૦૦/- કરવામાં આવેલ જે આ સુધારા ઠરાવ કરી આ કર્મચારીની અરજીમાં પ્રમુખશ્રીએ કરેલ હુકમ આધારે તેઓના અગાઉની પગારની રકમ રૂા.૧૫,૦૦૦/- લેખે પ્રતિમાસ ફીકસ પગાર ચૂકવવા આ સુધારા ઠરાવ કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગારની રકમ બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ તથા ૪૦ / તા.૦૬/૦૮/૨૨ માં સુધારા ઠરાવ કરવા બાબત.

**ઠરાવ નં. ૬૦ (બ) / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી અશ્વિનકુમાર આર કાછીઆ, શ્રી નરેશકુમાર આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓનાં પગારની રકમ બાબતે સામાન્ય સભાનાં ઠરાવ નં.૩૯ તથા ૪૦ / તા.૦૬/૦૮/૨૨ માં સુધારા ઠરાવ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૪૦ / તા.૦૬/૦૮/૨૦૨૨ થી સેનેટરી વિભાગમાં ફરજ બજાવતાં ડ્રાઇવરનાં રોજીંદા દરમાં વધારો કરતો ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે સને ૨૦૧૧-૨૦૧૨ અને ૨૦૧૩ થી ડ્રાઇવરની ફરજ બજાવતાં કર્મચારીઓ (૧) શ્રી કૌશલ એન પટેલ (૨) શ્રી રમેશભાઇ હરિજન (૩) શ્રી જીગર સી. પટેલ (૪) શ્રી દીનેશ ડી. તળપદા (૫) શ્રી જતીન એસ. કાછીઆ (૬) શ્રી રમણભાઇ સી. ઠાકોર તથા (૭) શ્રી પિયુષ એન. પટેલ નાં તેઓનાં મૂળ પગારની રકમ રૂા.૩૨૯/- પ્રતિ દિનમાં ઠરાવ નં.૪૦ / તા.૦૬/૦૮/૨૦૨૨ થી વધારો કરી રૂા.૩૫૦/- પ્રતિ દિન કરવામાં આવેલ જેથી નવા ડ્રાઇવર કર્મચારી જેટલી જ રકમ થતી હોવાથી પગારની રકમમાં યોગ્ય સુધારો કરવા તેઓએ અરજી કરેલ છે. જે બાબતે પર્યાપ્ત વિચારણાનાં અંતે આ સુધારા ઠરાવ કરી ઉકત કર્મચારીઓની અરજીમાં પ્રમુખશ્રીએ કરેલ હુકમ આધારે તેઓના અગાઉ પગારની રકમ રૂા.૩૨૯/- માં ઠરાવ નં.૪૦ / તા.૦૬/૦૮/૨૦૨૨ થી વધારો કરી રૂા.૩૫૦/- પ્રતિદિન કરેલ તેનાં બદલે આ સુધારા ઠરાવથી રૂા.૩૮૦/- લેખે પ્રતિ દિન પગાર ચૂકવવા આ સુધારા ઠરાવ કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેનાં ફરજ બજાવતાં સફાઇ કામદાર નુ અવસાન થવાથી તેઓનાં વારસદારની રહેમરાહે નોકરી મેળવવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૧/ તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ, શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆના ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં સફાઇ કામદાર શ્રી રાજેશભાઇ કાંતિભાઇનુ તા.૨૮/૦૯/૨૦૨૨ નાં રોજ ચાલુ ફરજ દરમ્યાન અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી હિતેશકુમાર રાજેશભાઇ વાઘેલા એ નિયમાનુસાર રહેમરાહે નોકરી મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. જેથી સરકારશ્રીનાં પ્રવર્તમાન નીતિનિયમો અને ધારાધોરણો અનુસાર સફાઇ કામદારની આવી ખાલી પડેલ

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

જગ્યા પર રહેમરાહે નિમણૂંક આપવાની ઘટતી કાર્યવાહીને આધિન નિયુક્તિ આપી શકાય તેવી જોગવાઇ છે. નગરપાલિકાઓમાં સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતાં સફાઇ કામદારનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર સફાઇ કામદારનાં વારસદારને વારસદાર તરીકે રહેમરાહે નિમણૂંક આપવાની યોજના મુજબ સરકારશ્રીનાં પ્રવર્તમાન પરિપત્રો અને ઠરાવો ધ્યાને લઇને નગરપાલિકા કક્ષાએ કાર્યવાહી કરવાની રહે છે. તેથી ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંકઃ નપમ / ૧૨૨૦૧૭ / સી.ફા.૨૮ / આર તા.૧૮/૧૦/૨૦૧૭ નાં ઠરાવમાં જણાવેલ વિગતે પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં શ્રી રાજેશભાઇ કાંતિભાઇનાં વારસદાર શ્રી હિતેશકુમાર રાજેશભાઇ વાઘેલાને પરિશિષ્ટ-૧ ની જોગવાઇઓને આધિન તથા અરજદારે રજૂ કરેલ સાધનિક કાગળો અને પુરાવા ચકાસણી કરી યોગ્ય લાયકાતની પાત્રતાને આધિન તા.૦૧/૧૧/૨૦૨૨ નાં રોજથી વર્ગ-૪ ની સફાઇ કામદારની ખાલી પડતી આ જગ્યા પર ફીકસ પગારનાં સરકારશ્રીનાં ધારાધોરણો મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ રૂા.૧૬,૨૨૪/- નાં પગારથી રહેમરાહે નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂર્ણ થયેથી તેઓની કામગીરી સંતોષકારક જણાય તો તેઓને તે સમયનાં અમલમાં હોય તે વર્ગ-૪ સફાઇ કામદારનાં પગાર ધોરણોનાં મહેકમમાં સમાવેશ કરવાનો રહેશે. આ અંગે આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકા કાર્યાલય તથા નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટર માટે જરૂરિયાત મુજબની કામગીરી કરાવી ફાયર એન.ઓ.સી. મેળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૨/ તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગીતાબેન જે. પરમાર, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા કાર્યાલય તથા નગરપાલિકા હસ્તકનાં વિવિધ શોપિંગ સેન્ટર માટે જરૂરિયાત મુજબની કામગીરી કરાવી ફાયર એન.ઓ.સી. મેળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં પ્રવર્તમાન નિમયોને આધિન પેટલાદ નગરપાલિકા કાર્યાલય તથા નગરપાલિકા હસ્તકનાં આવેલ તમામ વિવિધ શોપિંગ સેન્ટરમાં ફાયર એન.ઓ.સી. મેળવવી જરૂરી છે. તે માટે આગ અકાવવા માટેનાં તમામ ઉપકરણો લગાવવા, જરૂરિયાત મુજબનાં પાણીનાં પાઇપ લાઇન નાંખવા તેમજ આ અંગેનાં ફાયર એન્ડ સેફટીનાં ધારાધોરણોને અનુસરીને જરૂરિયાત મુજબની કામગીરી કરાવવાની થાય છે. આ તમામ જરૂરી કાર્યવાહી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે થનાર ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગનાં ઓફિસ ઉપયોગ માટે વપરાતાં કોમ્પ્યુટરની સલામતિ અર્થે ઇન્સ્ટોલ કરેલ એન્ટી વાઇરસ સોફટવેરની સમયમર્યાદા પૂર્ણ થતાં તેને રીન્યુ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૬૩ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કોકીલાબેન એ. તળપદા, શ્રીમતિ ગીતાબેન જે. પરમારનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગનાં ઓફિસ વિભાગ માટે વપરાતાં કોમ્પ્યુટરની સલામતિ અર્થે ઇન્સ્ટોલ કરેલ એન્ટી વાઇરસ સોફટવેરની સમયમર્યાદા પૂર્ણ થતાં તેને રીન્યુ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગોમાં ઉપયોગમાં લેવામાં આવતાં કોમ્પ્યુટર, સર્વર તથા લેપટોપમાં વાયરસ દ્વારા ઉપકરણને નુકશાન ન થાય તેવા શુભાશયથી એન્ટી વાયરસ સોફટવેર "ક્વીક હીલ" ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે. જેની એક વર્ષની સમયમર્યાદા તા.૨૯/૦૯/૨૦૨૨ નાં રોજ પૂર્ણ થતી હતી. જેથી તેને રીન્યુ કરાવવાની આવશ્યકતા હોવાથી સમયમર્યાદામાં રીન્યુ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે કુલ ૨૪ યુઝર્સનાં રૂા.૪૭,૦૦૦/- નાં ખર્ચ ને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકાનાં વિવિધ આવશ્યક કામો કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૬૪ / તા.૨૧/૧૦/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગીતાબેન જે. પરમાર, શ્રીમતિ કોકીલાબેન એ. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વિવિધ આવશ્યક કામો કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા કરવાની થતી વિવિધ કામગીરીઓ પૈકી અતિ આવશ્યક અને સમયમર્યાદામાં કામગીરી કરાવવાની જરૂરિયાત ઊભી થતાં, તેવી કામગીરી કરાવવા નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ માન.પ્રમુખશ્રીએ નીચે જણાવેલ વિગતે વિવિધ કામો કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ ખર્ચ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને માન. પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કામની ટૂંકમાં વિગત | હુકમ નં. / તારીખ |
|---|---|---|
| ૧ | પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વરસાદના પાણીનાં કાંસ તથા સ્ટ્રોમ વોટર ડ્રેઇનની સાફ સફાઇ કરવા | તા.૦૯/૦૫/૨૦૨૨ |
| ૨ | પેટલાદ નગરપાલિકા હદમાં ભૂગર્ભ ગટર લાઇનના મેનહોલની લાઇન સાફ સફાઇ કરવાનું કામ | પી.એમ.પી. / પ્રમુખ /૮૮૫/૨/ ૨૦૨૨ તા.૧૨/૯/૨૦૨૨ |
| ૩ | ૧) પેટલાદ શહેરમાં આવેલ પૂર્ણાનંદ તથા અક્ષય પૂર્ણાનંદ સોસાયટી વચ્ચેનો રોડ | તા.૨૪/૦૯/૨૦૨૨ |
| | ૨) પેટલાદ શહેરમાં આવેલ રેલ્વે ફાટકથી પૂર્ણાનંદ આશ્રમ તરફનો રોડ | |
| | ૩) પેટલાદ શહેરમાં આવેલ આઇ.ટી.આઇ. સ્કૂલની બાજુનો રસ્તો | |
| | ૪) પેટલાદ શહેરમાં આવેલ કોલેજ ચોકડી ફાટક પાસેથી રાણા સોસાયટી તરફનો રસ્તો | |
| | ૫) પેટલાદ શહેરમાં આવેલ મહીસાગર સોસાયટી સીતા વાઘરીવાસ પાસેનો રસ્તો | |
| | ૬) પેટલાદ શહેરમાં આવેલ સાંઇનાથ (કાંસ) ગાયત્રી સોસાયટી તથા આસોપાલવ સોસાયટી પાસે થી પસાર થતો રસ્તો | |
| | ૭) પેટલાદ શહેરમાં આવેલ સરદારપાર્ક સોસાયટીથી સાંઇનાથ | |

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

| | | |
|---|---|---|
| | રોડને જોડતો રસ્તો (ઇન્દુકાકા વાળો) રસ્તો | |
| | ૮) પેટલાદ શહેરમાં આવેલ મિલ્લત નગર વાળો રસ્તો | |
| | ૯) પેટલાદ શહેરમાં આવેલ ગારીયા મસ્જીદ થી આંજણાવાસ તરફનો રસ્તો સી.સી. | |
| | ૧૦) પેટલાદ શહેરમાં આવેલ દેવકુવા વાઘરીવાસ ચોકડી થી ગારીયાપીર ચોકડી થઇ મુનસફઅલીની દુકાન તરફનો રસ્તો | |
| | ૧૧) પેટલાદ શહેરમાં આવેલ આંજણાવાસ ગુંદી ફળીયા તરફનો રસ્તો | |
| | ૧૨) પેટલાદ શહેરમાં આવેલ અંબામાતાથી ટાવર તરફનો રસ્તો | |
| | ૧૩) પેટલાદ શહેરમાં આવેલ દેવકુવા તીનબત્તી ચોકથી ગારીયાપીર ચોકડી તરફનો રસ્તો | |
| | ૧૪) પેટલાદ શહેરમાં આવેલ ખંભાતી ભાગોળ થી શેખડી તરફનો રસ્તો | |
| | ૧૫) પેટલાદ શહેરમાં આવેલ નારીયાપાડા થી ઝંડાબજાર તરફનો રસ્તો સી.સી. | |
| ૪ | પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં દેવકુવા તીનબત્તી પાસે ઘંટી આગળ મેનહોલ કુંડી બનાવવાની કામગીરી | તા. ૦૭/૧૦/૨૦૨૨ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. કામ (૧) નં.** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**ઠરાવ નં. ૬૫ / તા.૨૧/૧૦/૨૨**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રીમતિ દર્શનાબેન વિ. પટેલ,શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ શાહબાનુ આઇ. કાજી, શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી આરીફખાન જે. પઠાણ, શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા, શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા તથા શ્રી અસ્લમબેગ એ. મીરઝાનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામકાજ ન હોવાથી અધ્યક્ષશ્રીએ આજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા_વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.